પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૯ | ૨૦ એપ્રિલ, ૨૦૧૭, ગુરૂવાર ; ચૈત્ર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# અડવાણી, જોશી, ઉમા સામે કેસ ચાલશે : સુપ્રીમ

**બાબરી ધ્વંસના સંવેદનશીલ કેસમાં સુપ્રિમ કોર્ટનો અતિ મહત્વપૂર્ણ ફેંસલો : કેસમાં ચાલી રહેલા બે અલગ અલગ મામલાઓને ક્લબ કરી દેવાનો આદેશ : રાયબરેલીમાં ચાલતા કેસને લખનૌમાં ચલાવવાનો સુપ્રિમ દ્વારા આદેશ કરાયો**



નવી દિલ્હી,તા. ૧૯

સમગ્ર દેશને હચમચી મુકનાર બાબરી મસ્જિદ ધ્વંસ કેસમાં સુપ્રીમ કોર્ટે આજે મહત્વપૂર્ણ આદેશ જારી કર્યો હતો. કોર્ટે ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી સહિત બાકીના આરોપીઓ પર અપરાધિક કાવતરાના કેસને ચલાવવાનો આજે આદેશ આપ્યો હતો. જસ્ટીસ પીસી ઘોષ અને આરએફ નરીમનની બનેલી બેચે આ ચુકાદો આપ્યો હતો. સાથે સાથે બે વર્ષના ગાળામાં સમગ્ર મામલાને પૂર્ણ કરવાનો પણ આદેશ કર્યો છે. કોર્ટે પોતાના આદેશમાં એમ પણ કહ્યુ હતુ કે આ કેસમાં ચાલી રહેલા બે જુદા જુદા મામલાને ક્લબ કરી દેવામાં આવે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં રાયબરેલીમાં ચાલી રહેલા કેસને લખનૌમાં જ ચલાવવા હુકમ કર્યો હતો. આ ચુકાદો એવા સમય પર આવ્યો છે જ્યારે ટુંક સમયમાં જ રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી યોજાનાર છે. અડવાણી અને જોશી બન્ને રાષ્ટ્રપતિ પદ માટે પ્રબળ દાવેદાર ગણવામાં આવી રહ્યા હતા. જ્યાં સુધી કલ્યાણસિંહની વાત છે તેઓ ગવર્નર છે જેથી તેમની સામે કેસ ચાલી શકે નહી. જો કે કલ્યાણસિંહ ઉપરાંત કેન્દ્રિય પ્રધાન ઉમા ભારતી પર હોદો છોડી દેવા માટે દબાણ આવી શકે છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યાબાદ કોંગ્રેસે ધારણા પ્રમાણે જ ઉમા ભારતી અને કલ્યાણ સિંહને હોદા છોડી દેવાની માંગ કરી હતી. કોર્ટે આજે સવારે પોતાનો આદેશ આપ્યો હતો. સાથે સાથે કહ્યુ હતુ કે તે સીબીઆઇની અરજીને સ્વીકાર કરે છે. સીબીઆઇ દ્વારા કોર્ટ સમક્ષ માંગ કરવામાં આવી હતી કે ભાજપ નેતા સહિત અન્ય આરોપીઓની સામે અપરાધિક કાવતરાના કેસને જોડી દેવામાં આવે. કોર્ટે સમગ્ર મામલામાં ચુકાદો દરરોજ કેસની સુનાવણી કરવા અને કેસમાં સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

## કલ્યાણસિંહ સામે હાલ કેસ ચાલશે જ નહીં : સુપ્રિમ કોર્ટ

**કલ્યાણસિંહ રાજ્યપાલ હોવાથી બંધારણીય મુક્તિ ધરાવે છે : ૧૯૯૨માં બાબરી મસ્જિદ ધ્વંશને લઈને બે કેસો છે જે પૈકી એક કારસેવકોની સામે અને બીજો નેતાઓની સામે**



નવી દિલ્હી, તા. ૧૯

સુપ્રિમ કોર્ટે બાબરી ધ્વંશ મામલામાં આજે અડવાણી અને જોશી સહિત ભાજપના મોટા નેતાઓ સામે કેસ ચલાવવાનો આદેશ કર્યો હતો. કોર્ટે એમ પણ કહ્યું છે કે નવેસરથી ટ્રાયલ હાથ ધરવામાં આવશે નહીં. રાજસ્થાનના રાજ્યપાલ કલ્યાણસિંહને રાહત મળી ગઈ છે કારણ કે તેઓ બંધારણીય મુક્તિ હેઠળ આવે છે. કોર્ટે કહ્યું છે કે તેમની સામે એ વખત સુધી કાર્યવાહી કરી શકાય નહીં જ્યાં સુધી તેઓ રાજ્યપાલનો હોદ્દો ધરાવે છે. રાજ્યપાલનો હોદ્દો છોડી દીધા બાદ જ તેમની સામે કાર્યવાહી થશે. સીબીઆઈને સુપ્રિમ કોર્ટ દ્વારા કેટલાક નક્કર આદેશ આપવામાં આવ્યા છે. જેના ભાગરૂપે ચાર સપ્તાહની અંદર કાર્યવાહી શરૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. બાબરી ધ્વંશના સંબંધમાં કેસના બે સેટ રહેલા છે. જે પૈકી પ્રથમ સેટ વણઓળખાયેલા કારસેવકોને આવરી લેતો કેસ છે.

# વીઆઈપી કલ્ચર ખતમ : લાલ બત્તી પર પ્રતિબંધ

**કેન્દ્રિય મંત્રીઓ, અધિકારીઓ લાલ બત્તીનો ઉપયોગ નહીં કરી શકે : નિર્ણય પહેલી મેથી અમલી : માત્ર પાંચ મહાનુભાવોને જ લાલબત્તીની મંજુરી : ઈમરજન્સી સર્વિસને લીલી બત્તીના ઉપયોગની કેબિનેટની મંજુરી**



નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે વીઆઈપી કલ્ચરને ખતમ કરીને લાલા અને લીલી બત્તીના ઉપયોગ ઉપર અંકુશ મુકવામાં મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ નિર્ણય પહેલી મેથી અમલી કરવામાં આવશે. આજે કેબિનેટની બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા બાદ કેન્દ્રિય મંત્રીઓ અને અધિકારીઓ લાલ બત્તીવાળા વાહનોનો ઉપયોગ કરી શકશે નહીં. પહેલી મેના દિવસે મજુર દિવસથી આ નિર્ણયને અમલી કરવામાં આવશે. આ પ્રતિબંધ કેન્દ્રિય મંત્રીઓ અને અધિકારીઓ ઉપર લાગુ થશે. માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ કહ્યું હતું કે લાલ બત્તીની મંજુરી વડાપ્રધાનને પણ રહેશે નહીં. આ ઉપરાંત આ નિર્ણય રાજ્ય સરકાર ઉપર પણ લાગુ થશે. જોકે ઈમરજન્સી સર્વિસ માટે લીલી બત્તીને મંજુરી આપી દેવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# હિમાચલપ્રદેશમાં ખાનગી બસ નદીમાં ખાબકતા ૪૩નાં મોત

**બસ ડ્રાઈવરે કાબુ ગુમાવતા દુર્ઘટના સર્જાઈ ગઈ : મૃત્યુ પામેલા લોકો ટ્યુની અને વિકાસનગર વિસ્તારના હતા : મોતનો આંકડો વધે તેવી પ્રબળ સંભાવના**



સિમલા,તા. ૧૯

હિમાચલપ્રદેશના પાટનગર સીમલામાં આજે મોટી માર્ગ દુર્ઘટના થઈ હતી. અહીંની ટોન્સ નદીમાં એક બસ પલ્ટી ખાઈ જતા ૪૫ લોકોના મોત થયા હતા. મળેલી માહિતી મુજબ આ ઘટના સીમલા જિલ્લાના સુદુર મેરવા વિસ્તારમાં બની હતી. સિરમોર જિલ્લાથી લાગતા આ ક્ષેત્રમાં બસ ટોન્સ નદીમાં પલ્ટી ખાઈ ગઈ હતી. ૫૬ યાત્રીઓ દુર્ઘટનાગ્રસ્ત બસમાં મુસાફરી કરી રહ્યા હતા. માહિતી મળતાની સાથે જ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. સૂત્રોના કહેવા મુજબ આ ઘટના એવા સમયે બની હતી જ્યારે એક ખાનગી બસ ઉત્તરાખંડમાં ટ્યુની તરફ જઈ રહી હતી. ઘટનાની માહતી મળતાની સાથે જ સીમલા અને સિરમોર જિલ્લાથી અધિકારીઓની ટુકડી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સીમલાના એસપીડબલ્યુ નેગીએ માહિતી આપતા કહ્યું હતું કે આ બનાવ નેરવા પોલીસ સ્ટેશનની હદમાં થયો હતો. બનાવના સમયે બસમાં ૫૬ યાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા. મૃતકોની સંખ્યામાં વધારો થાય તેવી શક્યતા છે. અનેક લોકો લાપત્તા દર્શાવવામાં આવ્યા છે. માહિતી મળતાની સાથે જ તરત જ ટુકડી પહોંચી હતી. ખાનગી બસ ઉત્તરાખંડના વિકાસનગરથી ટ્યુની માટે રવાના થઈ હતી પરંતુ સવારે આશરે ૧૧ વાગે અચાનક ગુમ્મા નજીક બસના ડ્રાઈવરે કાબુ ગુમાવી દીધો હતો. જેથી આ બસ નદીમાં ખાબકી ગઈ હતી. સ્થાનિક લોકો પણ બચાવ અને રાહત કામગીરીમાં જોડાયા હતા. અકસ્માતના કારણમાં તપાસ કરવામાં આવી રહી છે. બસમાં મુસાફરી કરી રહેલા મોટાભાગના લોકો હિમાચલના ટ્યુની વિસ્તારના અને વિકાસનગરના હોવાનું જાણવા મળ્યું છે. ઉત્તરાખંડના વિકાસનગરથી ટ્યુની તરફ આ લોકો જઈ રહ્યા હતા.

## ન્યુઝ ટ્રેક

### એ. કે. જ્યોતિ મુખ્ય ચૂંટણી કમિશનર બનશે




ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ શ્રી અચલકુમાર કે. જ્યોતિ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિમાઈ રહ્યા છે. તેઓ ૬ જુલાઈથી હોદ્દાનો કાર્યભાર સંભાળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૭૫ની કેડરના એ.કે. જ્યોતિ ૨૩ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ નિવૃત્ત થશે.

### સોનુ નિગમે મુંડન કરાવ્યુ



અઝાનના લાઉડસ્પીકર મામલે સોનુ નિગમે કરેલા ટ્વીટ બાદ મામલો વધુ ગરમાયો છે. પશ્ચિમ બંગાળના એક મોલવીએ સોનુ નિગમના માથાનુ મુંડન કરાવનારને ૧૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરતા સોનુ નિગમે બુધવારે પોતાના હેર સ્ટાઈલીસ્ટ આલીમ પાસે માથુ મુંડાવી દીધુ હતુ.

### તેજ બહાદૂરને બીએસએફે હાંકી કાઢ્યો



બોર્ડર સિક્યોરીટી ફોર્સના જવાન તેજ બહાદૂરસિંહના સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોની તપાસ થઈ રહી હતી. તે દરમ્યાન જ અશિસ્તના કારણોસર તેને બીએસએફે હાંકી કાઢ્યો છે.

### ઈન્સ્ટાગ્રામ યુઝર્સ માટે લાવ્યુ નવી ફીચર

સેન જોસમાં યોજાયેલી ફેસબુકની એન્યુઅલ ડેવલપર કોન્ફરન્સમાં જાહેરાત કરવામાં આવી હતી કે ઈન્સ્ટાગ્રામની એન્ડ્રોઈડ એપ્લિકેશન હવે ઓફલાઈન પણ ચાલશે.

### આઈટી વિભાગે તામીલનાડુમાં ૮૦ સ્થળોએ દરોડા પાડ્યા

ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ આજે સપાટો બોલાવતા તામીલનાડુ, કર્ણાટક અને કેરાલાના ૮૦ જેટલા સ્થળોએ દરોડા પાડ્યા હતા.


|| જય હાટકેશ ||
ઘરનું શુદ્ધ શાકાહારી
ટીફીન સર્વિસ
સાત્વિક, સ્વાદિષ્ટ ઘરે બનાવેલું શાકાહારી, ગુજરાતી ભોજન
જાન્હવી ગૃહ ઉદ્યોગ
Call : 9924684206
9924684208
હોમ સર્વિસ ફ્રી
(ગાંધીનગર-કુડાસણ-સરગાસણ)

જોઈએ છે
ડ્રાઈવર - અનુભવી
એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ
ટેલી-કોમ્પ્યુટર જાણકાર
ઈન્ટરવ્યુ તા.૨૨-૪-૨૦૧૭
સમય : ૧૨ થી ૨
સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ
૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

રોયલ સાયન્સ સ્કૂલ
જોઈએ શિક્ષકો (ગુજરાતી માધ્યમ)
● B.Sc. Bed / M.Sc. B.Ed. જીવ વિજ્ઞાન - ૦૧ (પગાર ૧૮,૯૦૦ થી ૩૨,૦૦૦)
● B.A. B.Ed. / M.A. B.Ed. અંગ્રેજી - ૦૧ (પગાર ૧૦,૦૦૦ થી ૧૮,૫૦૦)
● અંગ્રેજી માધ્યમમાં K.G. અને ધોરણ-૧માં ભણાવી શકે તેવા શિક્ષકો - ૦૩ (પગાર ૮,૫૦૦ થી ૧૫,૦૦૦)
આપની વ્યક્તિગત માહિતી અનુભવના પ્રમાણપત્રો લઈને સંપૂર્ણ બાયોડેટા સાથે તા. ૨૫/૪/૨૦૧૭ સુધીમાં સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન રૂબરૂ મળવું.
સરનામું : રોયલ સ્કૂલ : પહાડિયા (દહેગામ-બાયડ હાઈવે)
પોસ્ટ : લીહોડા, તા. દહેગામ, જી. ગાંધીનગર
મો. : ૯૫૭૪૪૫૩૩૩૪, ૯૫૭૪૪૫૩૩૩૨, ૦૨૭૧૬૨૬૬૪૮૧
B.Pharm કરેલ ઉમેદવાર પણ અરજી કરી શકશે.

SSV CAMPUS
a new hope
KG.થી ધો. 8 ના વિદ્યાર્થીઓ માટે
સમર કેમ્પ 2017
24 APRIL to 5 MAY 2017
સમય સવારે 7-30 થી 12-30
Art & Craft
હેન્ડ બોલ
વોલીબોલ
બાસ્કેટ બોલ
ડાન્સ
ફુલ રેકેટ
ક્રિકેટ
યોગ
ટેબલ ટેનિસ
કરાટે
ડ્રોઇંગ
1 min Games
ગાંધીનગરની જનતાનો ખુબ ખુબ આભાર
All batches are full
અમારી તમામ સમર કેમ્પની બેચીસ હાઉસફુલ થઈ ગયેલ છે
સંજય પટેલ [Mathematics]
દીપક સર [Biology]
રાજગોર સર [Chemistry]
વકાસ સર [Physics]
જાની સર [ Maths]
જગત સર [Maths & Sci]
એમ.કે.સર [English]
પી.કે.સર [S.S]
079 232 63 232 / 76 22 01 11 01
Email : ssv.campus@gmail.com
Sector-3/B, Gandhinagar
www.ssvcampus.in
9925754098 / 9824471564
www.facebook.com/SSV Campus